# સત્સંગ સમાચાર

### શાકોત્સવ

*** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ-મોગરી :** ૨ નવેમ્બર ૨૦૨૫, દેવઊઠી એકાદશીના પાવન દિવસે મંદિરજીના 'અક્ષરમહોલ'માં સંતભગવંત સાહેબજીની પુનિત ઉપસ્થિતિમાં શાકોત્સવની ભક્તિભાવે ઉજવણી થઈ. આ પ્રસંગે સૂરવૃંદ દ્વારા શ્રી હરિની શાકોત્સવ લીલાનું સ્મરણ કરાવતું પ્રેમાનંદ સ્વામી રચિત કીર્તન ગવાયું. સાધુ પૂ. રમેશદાસજીનાં માર્ગદર્શન હેઠળ યુવતીઓ અને બહેનોએ અદ્‌ભુત સર્જનશીલતા સાથે શ્રી ઠાકોરજી સમક્ષ શાકભાજીની ગોઠવણ કરી હાટડી માંડી. 'શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા હીરક જયંતી મહાપર્વ' અને 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના'ના પાંચ સિદ્ધાંતોને કેન્દ્ર સ્થાને રાખી સમગ્ર સજાવટ કરવામાં આવી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ ઉત્સવ-મહિમા સમજાવી સુશોભન-મર્મને વિસ્તારે દૃઢ કરાવ્યો. સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવી દેશ-વિદેશનાં અનુપમ મિશનનાં કેન્દ્રો પર ઉજવાતા શાકોત્સવ અને તેમાં ભક્તિ કરનાર ભક્તો અને સંતોને બિરદાવ્યા તેમજ ભક્તોને પોતાનાં દેહ, સમય, આવડત આદિ સઘળું પ્રભુને રાજી કરવાના ભાવથી વાપરવા સમજ આપી કે જેથી હઠ, માન, ઈર્ષ્યા, કામાદિક ભાવોથી ઉપર ઊઠી જવાય. આ પ્રસંગે પિયોરિયા-અમૅરિકાથી પધારેલ સુનિષભાઈએ સ્વાનુભવની વાતો કરી. ત્યારબાદ મંત્રપુષ્પાંજલિ અને આરતી અર્પણ કરી પ્રાર્થનાઓ ધરી. અંતે, સંતો પાસેથી સૌએ પ્રસાદ સ્વરૂપે શાક પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. ◆

*** ઉપાસના ધામ, ખારઘર :** દેવઊઠી એકાદશી, ૨ નવેમ્બર ૨૦૨૫ રોજ સાંજે ઉપાસના ધામ, ખારઘર મંદિર ખાતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યમાં શાકોત્સવ યોજાયો. સવારથી સેવકોએ સંતોનાં માર્ગદર્શને શાકોત્સવની તૈયારી આરંભી. આ વર્ષે સંતભગવંત સાહેબજીએ ગુણાતીતાનંદ સ્વામીની વાતના અનુસંધાને આપેલ ધ્યેય સૂત્ર-'ભજન કરતાં કરતાં ક્રિયા કરવી'ને કેન્દ્રસ્થાને રાખી શાકભાજીને સુંદર રીતે સુશોભિત કરી શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવી. સભાનો પ્રારંભ ધૂન, ભજનનાં ગાન સાથે થયો. શ્રી કે. સી. સિંઘે પ્રાસંગિક પ્રવચન કર્યું અને દેવઊઠી એકાદશીના મહિમાની વાતો કરી. ચારુબહેન તથા કલ્પેશભાઈએ પોતાના જીવનમાં ભજન કરતાં કરતાં ક્રિયા કરવાથી જે અનુભવ થયા તેની વાતો કરી. પૂ. અશ્વિનદાદાએ 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'ના આધારે સંતભગવંત સાહેબજીની અનુવૃત્તિ અનુસાર તેઓની આજ્ઞા પાળવાથી થતી પ્રાપ્તિની સમજ આપી આશીર્વાદ વરસાવ્યા. ◆

*** ડૅન્હમ, યુ.કે. :** પ્રબોધિની એકાદશીના પાવન દિવસે ડૅન્હમ-યુ.કે. સ્થિત મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી સમક્ષ શાકોત્સવની અદ્‌ભુત ઉજવણી કરવામાં આવી. સાધુ પૂ. હિંમત સ્વામીજીનાં માર્ગદર્શન હેઠળ યુવાઓ, બહેનોએ વિવિધ પ્રકારનાં શાકભાજીની કલાત્મક ગોઠવણી કરીને સુંદર ભક્તિ અદા કરી. સંતભગવંત સાહેબજીએ આ વર્ષે આપેલ સૂત્ર-'ભજન કરતાં કરતાં ક્રિયા કરવી'ને સુશોભનમાં પ્રતિબિંબિત કરાયું. ભાવિશાબહેને શાકોત્સવનો મહિમા વર્ણવ્યો. સાધુ પૂ. હિંમત સ્વામીજીએ આશીર્વાદ વરસાવ્યા અને અંતે સૌએ આરતી અર્પણ કરી ધન્યતા અનુભવી. ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ ઉત્સવનો લાભ લીધો. ◆

*** ઍલનટાઉન, અમેરિકા :** પ્રબોધિની એકાદશી, ૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ અમૅરિકાના ઍલનટાઉન સ્થિત મંદિરે શ્રી ઠાકોરજી



બ્રહ્મજ્યોતિ-મોગરી મંદિરે શાકોત્સવ પ્રસંગે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



ખારઘર મંદિરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યમાં શાકોત્સવ






ડેન્હમ-યુ.કે. મંદિરે શાકોત્સવ

ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે શાકોત્સવ

સમક્ષ ભક્તિભાવે શાકોત્સવની ઉજવણી કરવામાં આવી. સંતોનાં માર્ગદર્શને યુવાવૃંદે વિવિધ પ્રકારની શાકભાજી કલાત્મક રીતે ગોઠવી ભક્તિ અદા કરી. મોટી સંખ્યામાં ભક્તોએ એકત્રિત થઈ આ પ્રસંગે સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. સાધુ પૂ. નરેન્દ્રદાસજી, પૂ. કૌશિકદાસજી, પૂ. જયેશદાસજી, પૂ. અરવિંદદાસજી, પૂ. આશિષદાસજી અને વડીલોએ યુવાનોની ભક્તિને બિરદાવી પ્રસન્નતા વરસાવી. ◆

## શ્રદ્ધાંજલિ

*** સત્યેનભાઈ લાખાણી :** અનુપમ મિશન, ઇંગ્લૅન્ડ નિવાસી વડીલ સાધુ પૂ. કારુદાસજીના દીકરા સત્યેનભાઈ લાખાણી ૨૩ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ અક્ષરધામ સિધાવ્યા. પૂ. કારુદાદા અને તેઓનાં ધર્મપત્ની પુષ્પાબહેન પ.પૂ. પપ્પાજી, પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજીના સંપર્ક-સંબંધમાં આવ્યાં અને જીવન સત્સંગ અર્થે સમર્પિત કરવાના ભાવ ધર્યા. સમય જતાં પૂ. કારુદાદાએ દીક્ષા સ્વીકારી સંતભગવંત સાહેબજીના ચરણે જીવન સમર્પિત કર્યું. જેમાં સર્વે પરિવારજનોનો સહકાર મળ્યો. સત્યેનભાઈને પણ સંતો સાથે પ્રીતિ ! સત્સંગનાં કાર્યમાં સંપૂર્ણ સહકાર આપવાની અદમ્ય ભાવના ! ભક્તો સાથે આત્મીયતા કેળવી, સુહૃદભાવે સેવારત રહી સત્યેનભાઈએ સૌનો રાજીપો મેળવ્યો. તેઓનાં ધર્મપત્ની સ્મૃતિબહેન અને સંતાનો અમન, રિયન ને એલા સાથે પણ અનેરી સંવાદિતા રાખી સુંદર જીવન વિતાવ્યું. ભક્તિરત જીવન વિતાવી પ્રભુની સેવામાં બિરાજી જનાર સત્યેનભાઈને પ્રણામ ! આ પ્રસંગે પ્રભુનું કર્તાપણું સ્વીકારી સમતાનાં દર્શન કરાવનાર સર્વે પરિવારજનોને વંદન ! ◆



*** કાંતિભાઈ ખંભાઈતા :** અમેરિકા નિવાસી કાંતિભાઈ ખંભાઈતા ૨૬ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ અક્ષરધામ સિધાવ્યા. સંતભગવંત સાહેબજી સાથે જીવની પ્રીતિ થઈ અને જીવનનું સહજ સમર્પણ થઈ ગયું. સદ્‌ગુરુ સંતો માટે તેઓના હૈયે અનેરો પૂજ્યભાવ હતો. તેઓ વ્યવસાયે સફળ આર્કિટેક્ટ હતા. અમેરિકાના ઍલનટાઉન મંદિરના સર્જનમાં તેઓનાં પ્રદાન અમૂલ્ય રહ્યાં. મંદિર સર્જન વખતે તેઓએ રાખેલી ચોકસાઈ અને કુનેહને કારણે આજે પણ મંદિરમાં સંતો-ભક્તોને કોઈ અગવડ પડતી નથી અને બે દાયકાથી વધુ સમય પછી પણ જાણે મંદિર હમણાં જ રચાયું છે તેવું અનુભવાય છે. અનુપમ મિશનનાં અન્ય મંદિરો અને મકાનોનાં નિર્માણમાં પણ તેઓનાં માર્ગદર્શન અને સહકાર પ્રાપ્ત થયાં છે. સંતોનાં વચને તેઓ દ્વારા અર્પણ થતી ભક્તિમાં તેઓનાં ધર્મપત્ની કુમીબહેનનો પૂર્ણ સહકાર પ્રાપ્ત થયો. તેઓ બંનેએ સંતો-ભક્તોની ખૂબ સારસંભાળ રાખી અને સૌની ખૂબ સેવાઓ કરી આયખું ધન્ય કરી લીધું. લગભગ દર વર્ષે તેઓ ભારત પધારતાં અને બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી આધ્યાત્મિક આનંદ માણતાં. છેલ્લી વખત તેઓ ભારત પધાર્યા ત્યારે નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે બ્રહ્મજ્યોતિ, મોગરીમાં રોકાઈને સૌ સેવકોને તેઓની અંતિમ સેવાનો લાભ આપ્યો. બીમારીમાં પણ તેઓના હૈયે શાંતિ વસતી તથા મુખ પર હંમેશાં સ્મિત રેલાતું, જે તેઓની આધ્યાત્મિક ઊંચાઈનું, પ્રભુ અને ગુરુ પર રાખેલ અડગ નિષ્ઠાનું દર્શન કરાવતું. આવા નિષ્ઠાવાન અક્ષરમુક્તને વિદાયવેળાએ પ્રણામ અને ભાવવંદન સાથે શ્રદ્ધાસુમન અર્પણ ! ◆

